| કુલ ગુણ | 150 |
|---|---|

# HTAT - 2025

# A

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલક્યુલેટર કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર (**OMR SHEET**) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર (**OMR SHEET**) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર (**OMR SHEET**) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (**OMR SHEET**) નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ કાળુ (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (**OMR SHEET**) બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |

## રફ કામ માટેનું પેઇજ

(1) નીચેના પૈકી ત્રણ આંકડાવાળી મહત્તમ અને લઘુત્તમ સંખ્યાઓનો સરવાળો કેટલો થાય ?

(A) 1110 (B) 1999 (C) 999 (D) 1099

(2) ચોમાસામાં લેવામાં આવતા પાકને કયો પાક કહે છે ?

(A) ખરીફપાક (B) રવિપાક

(C) જાયદપાક (D) એકપણ નહિ

(3) પ્રજાસત્તાક ભારતના રાષ્ટ્રધ્વજમાં જે ચક્રને સ્થાન આપવામાં આવ્યું છે તે કયા સ્તૂપનું છે ?

(A) સાંચીનો સ્તૂપ (B) બેરતનો સ્તૂપ

(C) નંદનગઢનો સ્તૂપ (D) સારનાથનો સ્તૂપ

(4) શાળા વ્યવસ્થાપન સમિતિમાં વાલીઓનું પ્રતિનિધિત્વના ટકા જણાવો ?

(A) 30% (B) 50% (C) 90% (D) 75%

(5) માહિતીનો અધિકાર નિયમ-2005 અનવ્યે નીચેનામાંથી કઈ કલમ મુજબ માહિતી જાહેર કરવામાંથી મુક્તિ મળે છે ?

(A) કલમ-9 (B) કલમ-7

(C) કલમ-8 (D) કલમ-5

(6) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 અન્વયે કોઈ વ્યક્તિ માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય શાળા ચલાવે અથવા માન્યતા રદ કર્યા બાદ શાળા ચલાવે તો તેવા સંચાલકને કેટલો દંડ થઈ શકે છે ?

(A) રૂપિયા એક લાખ સુધીનો (B) રૂપિયા પચાસ હજાર સુધીનો

(C) રૂપિયા પચ્ચીસ હજાર સુધીનો (D) રૂપિયા દસ હજાર સુધીનો

(7) આર.ટી.ઈ. એક્ટ 2009 અન્વયે કોઈપણ પૂર્વપ્રાથમિક શાળાએ કેટલા વર્ષની ઉંમર થાય ત્યારે પ્રવેશ આપી શકશે ?

(A) ચાર વર્ષ પૂર્ણ થાય ત્યારે (B) પાંચ વર્ષ પૂર્ણ થાય ત્યારે

(C) છ વર્ષ પૂર્ણ થાય ત્યારે (D) ત્રણ વર્ષ પૂર્ણ થાય ત્યારે

(8) સરસ્વતી સાધના યોજનાનો લાભ મેળવવા માટેના માપદંડ જણાવો ?

(A) વિદ્યાર્થીનીએ ધો. 9 માં સરકારી કે અનુદાનિત શાળામાં અભ્યાસ કરતી હોય.

(B) વિદ્યાર્થીનીએ ધો. 8 માં સરકારી કે અનુદાનિત શાળામાં અભ્યાસ કરતી હોય.

(C) વિદ્યાર્થીનીએ ધો. 6 માં સરકારી કે અનુદાનિત શાળામાં અભ્યાસ કરતી હોય.

(D) વિદ્યાર્થીનીએ ધો. 9 માં સરકારી અનુદાનિત કે સ્વનિર્ભર શાળામાં અભ્યાસ કરતી હોય.

(9) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 પ્રમાણે વિદ્યાર્થી શિક્ષક રેશિયો જણાવો ?

(A) ધોરણ - 1 થી 5 માં 1:30 અને ધોરણ - 6 થી 8 માં 1:35

(B) ધોરણ - 1 થી 5 માં 1:25 અને ધોરણ - 6 થી 8 માં 1:40

(C) ધોરણ - 1 થી 5 માં 1:30 અને ધોરણ - 6 થી 8 માં 1:40

(D) ધોરણ - 1 થી 5 માં 1:35 અને ધોરણ - 6 થી 8 માં 1:35

(10) બંધારણના કયા અનુચ્છેદથી બાળમજુરી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે ?

(A) અનુચ્છેદ - 24 (B) અનુચ્છેદ - 25

(C) અનુચ્છેદ - 21 (D) અનુચ્છેદ - 32

(11) શંકરાચાર્ય દ્વારા ભારતની ચારેય દિશાઓમાં સ્થાપેલ મઠ પૈકી જગન્નાથપુરીમાં આવેલ મઠ કયા નામથી ઓળખાય છે ?

(A) જ્યોતિષ પીઠ (B) શ્રુંગેરી પીઠ

(C) ગોવર્ધન પીઠ (D) શારદાપીઠ

(12) 'સરફરોશીકી તમન્નાઅબ હમારે દિલમેં હૈ' – ઉક્તિ આપનાર ક્રાંતિકારી કોણ હતા ?

(A) ભગતસિંહ (B) રામપ્રસાદ બિસ્મીલ

(C) મંગળ પાંડે (D) લાલા લજપતરાય

(13) રાજેશ દક્ષિણ દિશામાં 5 કિ.મી. ચાલ્યા પછી બે વાર ડાબી બાજુ વળે છે. તો છેલ્લે કઈ દિશામાં ચાલી રહ્યો હશે ?

(A) પૂર્વ (B) પશ્ચિમ (C) ઉત્તર (D) દક્ષિણ

(14) RTI હેઠળ કરવામાં આવેલ અરજી જાહેર માહિતી અધિકારીના હકુમતમાં ન આવતી હોય તો તેણે કેટલા દિવસમાં સંબંધિત જાહેર સત્તામંડળને તબદીલ કરવી જોઈએ ?

(A) અરજી મળે તે દિવસે (B) અરજી મળ્યાના બે દિવસમાં

(C) અરજી મળ્યાના પાંચ દિવસથી વધુ નહીં (D) અરજી મળ્યાના દસ દિવસમાં

(15) એક વિદ્યાર્થીનો બુદ્ધિઆંક 122 છે તો તે વિદ્યાર્થી કેવી બુદ્ધિ ધરાવે છે ?

(A) સરેરાશ બુદ્ધિ (B) ઉચ્ચ બુદ્ધિ

(C) તેજ સામાન્ય બુદ્ધિ (D) અતિ ઉચ્ચ બુદ્ધિ

(16) શૈક્ષણિક મનોવિજ્ઞાનના પિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) પેસ્ટોલોજી (B) સિગ્મંડ ફ્રોઈડ (C) બોજેન્દ્રનાથ શીલ (D) જે.બી. વૉટ્સન

(17) 12 વર્ષની શારીરિક વય ધરાવતા વિદ્યાર્થીની માનસિક વય 15 વર્ષ છે તો તેનો બુદ્ધિઆંક કેટલો થાય ?

(A) 110 (B) 120 (C) 125 (D) 130

(18) રાષ્ટ્રીય કક્ષા એ નવી PTC/B.Ed. કૉલેજની મંજુરી કઈ સંસ્થા આપે છે ?

(A) NCERT (B) NCTE (C) MHRD (D) NUEPA

(19) યુનેસ્કોના મતે સાક્ષર વ્યક્તિ કોને કહેવાય ?

(A) જેને વર્તમાનપત્ર વાંચતા આવડે

(B) ઓછામાં ઓછું ત્રણ ધોરણ સુધી અભ્યાસ

(C) સાદા વાક્યોનું વાંચન, લેખન સમજપૂર્વક કરી શકે તેને

(D) જેને પોતાની સહી કરતાં આવડે તેને

(20) નીચેનામાંથી કોનો સમાવેશ અધ્યાપનના સિદ્ધાંતોમાં થાય છે ?

(A) પ્રેરણા (B) વ્યક્તિગત તફાવતો

(C) સમવાય (D) ઉપરોક્ત ત્રણેયનો

(21) 'રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ'ની નીચેના પૈકી કઈ મિતાક્ષરી સાચી છે ?

(A) SAPCR (B) SCPCR

(C) SOPT (D) SCPER

(22) બૉમ્બે પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ના નિયમ-48(2) મુજબ, ચૅરમેન, જિલ્લા સ્કૂલ બૉર્ડની ભલામણથી કઈ બાબતોમાં સુધારો કરી શકે ?

(A) વિદ્યાર્થીની જન્મતારીખ, નામ અને જાતી (B) વિદ્યાર્થીની અટક, પેટા જાતી અને પિતાનું નામ

(C) ઘરનું સરનામું અને ધર્મ (D) કોઈ સુધારો કરી શકે નહીં

(23) પ્રાથમિક શાળાના ધોરણ - 1 માં હાલના પાઠ્યક્રમ અનુસાર નીચેના પૈકી કયા મુળાક્ષર પહેલાં શીખવવામાં આવે છે ?

(A) ક, ખ, ગ, ઘ (B) અ, આ, ઇ, ઈ

(C) ક, કા, કિ, કી, (D) ગ, મ, ન, જ

(24) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ના નિયમ-126 મુજબ, ધોરણ - 1 થી 2 માં ગૃહકાર્ય આપવા અંગે શું જોગવાઈ છે ?

(A) ઓછું ગૃહકાર્ય આપવું (B) સ્વૈચ્છિક ગૃહકાર્ય આપવું

(C) ગૃહકાર્ય ન આપવું (D) ગૃહકાર્ય ફરજિયાત આપવું

(25) કદી શાળાએ ન ગયેલા તેમજ બે વર્ષથી વધુ સમયથી ડ્રોપ આઉટ બાળકો માટે સ્પેશિયલ ટ્રેનિંગ (STP) નો સમયગાળો કેટલો હોય છે ?

(A) 12 માસ
(B) 09 માસ
(C) 18 માસ
(D) 24 માસ

(26) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 સ્કૂલ બોર્ડ દ્વારા કેટલા દિવસ કરતાં વધુ મુદત માટે હાજરીમાંથી માફી આપવાની અથવા ગેરહાજર રહેવા માટે મંજુરી આપી શકાય છે ?

(A) 21
(B) 45
(C) 30
(D) 14

(27) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા કયા ધોરણના વિદ્યાર્થીઓ આપી શકે છે ?

(A) ધોરણ - 7
(B) ધોરણ - 3
(C) ધોરણ - 6
(D) ધોરણ - 5

(28) RTE Act-2009 અંતર્ગત એક્ટની કઈ કલમની જોગવાઈ આધીન સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન શાળાઓમાં દાખલ કરવામાં આવેલ ?

(A) 26
(B) 23
(C) 24
(D) 29

(29) સર્વગ્રાહી મૂલ્યાંકનમાં વ્યક્તિત્વ વિકાસના મૂલ્યાંકન માટે ધોરણ 3 થી 8 માટે પત્રકમાં કુલ કેટલા વિધાનો આપવામાં આવેલ છે ?

(A) 40
(B) 31
(C) 11
(D) 21

(30) શિક્ષણ ક્ષેત્રની કઈ સંસ્થાને "નોનફોરમલ એજ્યુકેશન" ના આયોજનની જવાબદારી સુપ્રત કરવામાં આવેલ છે ?

(A) નિયામક પ્રાથમિક શિક્ષણ
(B) સમગ્ર શિક્ષા
(C) નિયામક શાળાઓની કચેરી
(D) GCERT

(31) ગુજરાત શૈક્ષણિક સંસ્થા (નિયમન) અધિનિયમ-1984 ની જોગવાઈ આધીન અરજદાર નિયામક અથવા સક્ષમ સત્તાધીશના હુકમથી નારાજ હોય તો શિક્ષણ વિભાગ રાજ્ય સરકારને કેટલા સમયમાં અપીલ કરી શકે છે ?

(A) 6 મહિના
(B) 2 મહિના
(C) 3 મહિના
(D) 1 મહિના

(32) ગુજરાત શૈક્ષણિક સંસ્થા નિયમો-1984 અંતર્ગત સ્ટાફ પસંદગી સમિતિમાં કુલ કેટલા સભ્યો હોય છે ?

(A) 4
(B) 5
(C) 3
(D) 2

(33) શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા આરટીઈ એક્ટ-2009 ની કઈ કલમમાં નિર્દિષ્ટ ફરજો સિવાયની અન્ય બિન શૈક્ષણિક ફરજો શિક્ષકોને સોંપવામાં આવે નહિ તે માટે દેખરેખ નિમંત્રણ રાખશે ?

(A) 27
(B) 25
(C) 17
(D) 24

(34) બંધારણની કઈ કલમમાં 6 થી 14 વર્ષના બાળકોને શિક્ષણ માટેની તકો અંગે માતા-પિતા અથવા વાલીની જવાબદારી નક્કી કરવામાં આવેલ છે ?

(A) કલમ - 51 A (B) કલમ - 41

(C) કલમ - 31 (D) કલમ - 21

(35) દેશમાં શિક્ષણ પ્રશિક્ષણ કાર્યક્રમનું સંયોજન અને વિકાસનું કાર્ય કરતી સંસ્થા જણાવો ?

(A) એન.સી.ઈ.આર.ટી. (B) એન.સી.ટી.ઈ.

(C) નીપા દિલ્હી (D) એમ.એચ.આર.ડી. ભારત સરકાર

(36) રાષ્ટ્રીય કક્ષાનું મુક્ત વિશ્વવિદ્યાલય ક્યારે શરૂ કરવામાં આવ્યું હતું ?

(A) વર્ષ 1984 (B) વર્ષ 1985

(C) વર્ષ 1974 (D) વર્ષ 1995

(37) સર્વગ્રાહી મૂલ્યાંકનની જરૂરિયાત પર ચિંતન અહેવાલ આપનાર કમિટિનું નામ જણાવો ?

(A) યશપાલ કમિટિ (B) ઓપરેશન બ્લેકબોર્ડ કમિટિ

(C) કોઠારી કમિશન (D) મુદલીવાર પંચ

(38) રાષ્ટ્રીય રમત દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 15 સપ્ટેમ્બર (B) 15 નવેમ્બર

(C) 29 ઑગષ્ટ (D) 19 જુલાઈ

(39) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો અનુસાર જિલ્લા સ્કૂલ બોર્ડ સરકારે ઊછીના આપેલા સ્ટાફની સેવાઓ પાછી સોંપવા ઈચ્છે તો કેટલા સમય પહેલાં આવી નોટીસ સરકારને આપવી જોઈએ ?

(A) 1 માસ (B) 3 માસ (C) 4 માસ (D) 6 માસ

(40) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ના કયા નિયમથી મુખ્ય શિક્ષકની ફરજો નિયત કરવામાં આવેલ છે ?

(A) નિયમ - 68 (B) નિયમ - 69

(C) નિયમ -70 (D) નિયમ - 71

(41) KGBV પ્રૉજેક્ટ રાજ્યની કઈ કચેરીના કાર્યક્ષેત્રમાં આવેલ છે ?

(A) GCERT (B) રાજ્ય પરીક્ષા બોર્ડ

(C) પ્રાથમિક શિક્ષણ નિયામક (D) સમગ્ર શિક્ષા

(42) રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ માટેની કામગીરી કઈ કચેરી દ્વારા કરવામાં આવેલ છે ?

(A) પ્રાથમિક શિક્ષણ નિયામક (B) GIET

(C) GCERT (D) સમગ્ર શિક્ષા

(43) શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શૈક્ષણિક રેડિયો અને ટી.વી. કાર્યક્રમમાં તૈયાર કરવાની કામગીરી કઈ સંસ્થા કરે છે ?

(A) સમગ્ર શિક્ષા (B) GIET (C) GET (D) GCERT

(44) RTE Act-2009માં નબળા અને વંચિતજૂથના બાળકોને 25% મુજબ ધોરણ-1 માં પ્રવેશ માટેની જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે ?

(A) કલમ - 10 (B) કલમ - 11 (C) કલમ - 12 (D) કલમ - 13

(45) બાલસૃષ્ટિ સામયિકનું પ્રકાશન કઈ કચેરી દ્વારા કરવામાં આવે છે ?

(A) નિયામક શાળાઓની કચેરી

(B) નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરી

(C) ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળની કચેરી

(D) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની કચેરી

(46) ગુજરાત સરકાર દ્વારા શાળાની ગુણવત્તા ચકાસણી માટેની પ્રક્રિયાના હેતુસર શેની સ્થાપના કરવામાં આવેલ છે ?

(A) ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રિડેશન કાઉન્સીલ

(B) ગુજરાત સ્કોલર ક્વૉલીટી એક્રિએશન કાઉન્સીલ

(C) ગુજરાત સ્કોલર ક્વૉલીટી એડવાન્સ કાઉન્સીલ

(D) ગુજરાત સ્કૂલ કમાન્ડ એડવાન્સ કાઉન્સીલ

(47) મધ્યાહન ભોજન યોજનાનો મુખ્ય ઉદ્દેશ જણાવો ?

(A) બાળકોનાં કુપોષણ, વિદ્યાર્થીની હાજરી, અસમાનતા વિગેરે પ્રશ્નોના નિકાલ માટે અમલ કરવામાં આવી છે.

(B) બાળકોની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે અમલ કરવામાં આવી છે.

(C) બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય તે માટે અમલ કરવામાં આવી છે.

(D) બાળકોના સર્વાંગી વિકાસ થાય તે માટે અમલ કરવામાં આવી છે.

(48) વ્યક્તિ કે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેના મહત્ત્વના ગુણો કયા છે ?

(A) જીવનકૌશલ્યો (B) મૂલ્યો (C) વલણો (D) આપેલા બધા

(49) કુશલ નેતૃત્વ માટે સાથે કાર્યરત અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી કામ લેવાની ક્ષમતામાં કયો પરીબળ બાધા બની શકે છે ?

(A) વાતાવરણ સર્જન (B) યોગ્ય માર્ગદર્શન

(C) યંત્રવત ગોઠવણી (D) લક્ષ્યસિદ્ધી

(50) જે નેતા / પ્રશાસક જૂથનાં કાર્યો સમયસર પૂરા કરવામાં ધ્યાન કેન્દ્રિત કરે છે અને તે માટે સભ્યો વચ્ચે કાર્યો વહેંચીને તેમની કામગીરી પર સતત દેખરેખ રાખે છે આ કયા પ્રકારની શૈલી કહેવાય છે ?

(A) સત્તાકેન્દ્રિત
(B) વ્યક્તિઅભિમુખ
(C) કાર્યોભિમુખ
(D) લોકાભિમુખ

(51) કુશલ નેતૃત્વ હેઠળ દેખરેખ અને મૂલ્યાંકન કરવામાં આવે છે. વિવિધ પરિબળોને આવરી લેવામાં આવે છે, આ પૈકી કયો પરીબળ દેખરેખ અને મૂલ્યાંકનમાં સમાવિષ્ટ થતો નથી ?

(A) કાર્ય યોજનાનો અમલ
(B) ડેટાનું વિશ્લેષણ
(C) વિદ્યાર્થી પ્રગતિ
(D) માર્ગદર્શન

(52) શાળાકિય સંચાલનના માધ્યમથી શૈક્ષણિક ગુણવત્તા પ્રાપ્ત કરવા માટે શાળા દ્વારા કયા પ્રકારનું વિશ્લેષણ કરવું જોઈએ જેના કારણે ગુણવત્તા પ્રાપ્ત કરવાની મહત્તમ સંભાવના પ્રસ્થાપિત કરી શકાય ?

(A) SWOT
(B) પરિબળો આધારીત
(C) મૂલ્યાંકન પદ્ધતિ આધારીત
(D) બુદ્ધિઆંક આધારીત

(53) શૈક્ષણિક વ્યવસ્થામાં શૈક્ષણિક ગુણવત્તાનું માપન કઈ રીતે કરી શકાય છે ?

(A) માનવ ઉત્પાદન
(B) અધ્યતન માળખાકિય સુવિધાઓ
(C) ગુણવત્તાસભર શૈક્ષણિક માનવ સંસાધન
(D) 100% પરિણામ

(54) કયા પ્રકારના પ્રેરણાના ઘટકોમાં 'વ્યક્તિના સુઅસ્તિત્વ માટે આવશ્યક એક ઉપયોગી એવી કોઈ વસ્તુ કે જેની ગેરહાજરીને કારણે તેની શારીરિક સમતુલા અવરોધાય અને તેમનામાં માનસિક તાણ પૈદા કરે ?'

(A) જન્મજાત કારણ
(B) પ્રોત્સાહન
(C) ઈરણ
(D) જરૂરિયાત

(55) કયા પરિબળ પર પ્રક્રિયા કરીને મેળવવામાં આવેલ નીપજને માહિતી કહેવામાં આવે છે ?

(A) પ્રદત્ત
(B) જ્ઞાન
(C) ડહાપણ
(D) હકીકત

(56) પ્રદત્તને વિશ્લેષણ લાયક બનાવવા માટે તેનું શું કરવામાં આવે છે ?

(A) ક્રિયાત્મક પદ્ધતિ
(B) તાર્કિક વિશ્લેષણ
(C) કાચા પ્રાપ્તાંકો
(D) સંકેતીકરણ

(57) ગુણાત્મક સંશોધનોમાં કયા પ્રકારનાં વિશ્લેષણનું પ્રમાણ વધુ જોવા મળે છે ?

(A) સંપાદકીય
(B) ગુણાત્મક
(C) તાર્કિક
(D) સાંખ્યકિય

(58) અભિપ્રેરણા પર અસર કરતાં બાહ્ય પરિબળોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) ઈનામ
(B) વખાણ
(C) અનુકરણ
(D) ઠપકો

(59) જ્ઞાન મેળવવા માટે મુખ્યત્વે નીચે પૈકી કઈ પ્રક્રિયાનો ઉપયોગ થતો નથી ?

(A) વર્તન
(B) યાદ રાખવું
(C) અર્થગ્રહણ
(D) વિશ્લેષણ કરવું

(60) સ્કિનરના અધ્યયન સિદ્ધાંતના નિયમો પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) નાના પગલાંનો સિદ્ધાંત
(B) પ્રતિપુષ્ટિનો સિદ્ધાંત
(C) મોટા પગલાંનો સિદ્ધાંત
(D) પ્રતિચારના સાચા કે ખોટાપણાની તાત્કાલિક જાણ

(61) કોઈ ચોક્કસ વ્યવસાય, કાર્ય કે પ્રવૃત્તિ કરવા માટે વ્યક્તિની પાત્રતા નક્કી કરવાના હેતુથી અથવા વ્યક્તિ કયા ક્ષેત્રમાં સફળ થઈ શકશે તે જાણવા માટે કઈ કસોટી લેવામાં આવે છે ?

(A) Eligibility Test
(B) Psychological Test
(C) Achievement Test
(D) Diagnostic Test

(62) પ્રેરણાના મહત્ત્વના સ્રોતમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?


(A) સંતોષ
(B) જરૂરિયાત
(C) ઇચ્છા
(D) ઉદ્દીપન

(63) વ્યવસ્થાપનના કાર્યોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) આયોજન કરવું
(B) સંકલન કરવું
(C) કેન્દ્રીકરણ કરવું
(D) નિયંત્રણ કરવું

(64) એક વિદ્યાર્થી ગુણાકારમાં એક સંખ્યાને 27 ના બદલે 72 વડે ગુણાકાર કરે તો સાચા ઉત્તરમાં 23175 જેટલો વધારો થાય છે તો તે સંખ્યા કઈ ?


(A) 715 (B) 615 (C) 515 (D) 415

(65) 

ABCD વાળી આકૃતિમાં કેટલા ત્રિકોણ છે ?

(A) 8 (B) 10 (C) 12 (D) 16

(66) પાસાનાં ત્રણ બિંદુવાળી સપાટીની બરોબર વિરુદ્ધની સપાટી પર કેટલાં બિંદુ હશે ?



(A) 2 (B) 5 (C) 6 (D) 4

(67) 35 વિદ્યાર્થીઓના વર્ગમાં મીતાનું સ્થાન નીચેથી 13મું છે, તો ઉપરથી કેટલામું સ્થાન હશે ?

(A) 20 (B) 21 (C) 22 (D) 23

(68) એક ઘડિયાળનો સમય અરીસામાં જોવાથી સવાત્રણ વાગ્યાનું બતાવે છે, ખરેખર ઘડિયાળમાં કેટલા વાગ્યા છે ?

(A) 9:15 (B) 3:15 (C) 8:45 (D) 9:45

- **પ્રશ્ન નંબર 69 થી 71 : નીચે આપેલ ટેબલમાં વર્ષ-2024 અને વર્ષ-2025 દરમિયાન જુદા જુદા શહેરોમાં પડેલ વરસાદ (મી.મી.)ની વિગતો આપેલ છે. જેના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

| શહેર | A | B | C | D | E | F |
|---|---|---|---|---|---|---|
| **2024** | 450 | 320 | 600 | 280 | 510 | 370 |
| **2025** | 480 | 340 | 590 | 300 | 520 | 390 |

(69) વર્ષ-2024 અને વર્ષ-2025 દરમિયાન પડેલ વરસાદને ધ્યાને લેતા કયા શહેરમાં સૌથી વધુ વરસાદ પડેલ છે ?

(A) શહેર - A (B) શહેર - B

(C) શહેર - C (D) શહેર - D

(70) વર્ષ-2024 અને વર્ષ-2025 દરમિયાન પડેલ વરસાદની સરેરાશ ધ્યાને લઈએ તો કયા શહેરમાં સરેરાશ સૌથી ઓછો વરસાદ પડ્યો છે ?

(A) શહેર - A (B) શહેર - B

(C) શહેર - E (D) શહેર - D


(71) વર્ષ-2024 કરતા વર્ષ-2025 માં કુલ કેટલા મી.મી. વરસાદનો વધારો કે ઘટાડો નોંધાયો છે ?

(A) 90 મી.મી. (B) 100 મી.મી. (C) 110 મી.મી. (D) 120 મી.મી.

(72) અર્થ જુદો થતો હોય તેવો શબ્દ કયો છે ?

(A) અર્ણવ (B) અંબુધિ (C) અબ્ધિ (D) અદ્રિ

- **નીચે આપેલ ગ્રાફમાં દર્શાવ્યા પ્રમાણે એક વ્યક્તિ એક મ હિના દરમિયાન નીચે દર્શાવેલ જુદી જુદી જીવન જરૂરિયાતની કેટગરીમાં ખર્ચ કરે છે. જે ધ્યાને લઈ પ્રશ્ન નંબર 73 થી 74 ના ખર્ચની ટકાવારી**




(73) કપડા અને રહેઠાણ પાછળ કરવામાં આવતા કુલ ખર્ચ કરતા શિક્ષણ પાછળ કરવામાં આવતો ખર્ચ કેટલો ઓછો છે ?

(A) 6.5% (B) 23%

(C) 22.5% (D) 37%

(74) જો અહીં તમામ કેટેગરી પાછળ કરવામાં આવતા ખર્ચની ટકાવારીની સરેરાશ ગણવામાં આવે તો નીચે પૈકી શું સાચું છે ?

(A) તમામ કેટેગરી પાછળ કરવામાં આવતા ખર્ચની સરેરાશ 20% કરતા ઓછી છે.

(B) તમામ કેટેગરી પાછળ કરવામાં આવતા ખર્ચની સરેરાશ 20% કરતા વધુ છે.

(C) તમામ કેટેગરી પાછળ કરવામાં આવતા ખર્ચની સરેરાશ 20% કરતા વધુ છે પણ 25% કરતા ઓછી છે.

(D) તમામ કેટેગરી પાછળ કરવામાં આવતા ખર્ચની સરેરાશ 20% કરતા વધુ છે પણ 50% કરતા ઓછી છે.

- **આપેલ વિગતોને આધારે પ્રશ્ન નંબર 75 થી 76 પ્રશ્નોના જવાબ લખો.**

**એક મોલમાં વર્ષ દરમિયાન થયેલ કુલ વેચાણની ટકાવારીની વિગોત આ પ્રમાણે છે.**

- **જાન્યુઆરી-માર્ચ : 35%**
- **એપ્રિલ-જૂન : 15%**
- **જુલાઈ-સપ્ટેમ્બર : 40%**
- **ઓક્ટોબર-ડિસેમ્બર : 10%**

(75) જો વર્ષનું કુલ વેચાણ રૂા. 2,00,000 હોય અને મોલ જુલાઈ-સપ્ટેમ્બરના વેચાણના 50% અને જાન્યુઆરી-માર્ચના વેચાણના 25% નો ઉપયોગ એક પ્રૉજેક્ટ માટે કરે, તો પ્રૉજેક્ટ માટે ફાળવવામાં આવેલી રકમ કેટલી હશે ?

(A) રૂા. 38,500
(B) રૂા. 42,500
(C) રૂા. 47,500
(D) રૂા. 57,500

(76) જો વર્ષનું કુલ વેચાણ રૂા. 5,00,000 હોય અને વર્ષના નવ માસના (જાન્યુઆરી-સપ્ટેમ્બર) વેચાણનો ઉપયોગ નવા પ્રૉજેક્ટની સ્થાપના માટે થાય તો આ રકમ કુલ વેચાણના કેટલા ટકા જેટલી થશે ?

(A) 80%
(B) 85%
(C) 90%
(D) 95%

(77) નીચે આપેલા વ્યંજનોમાં 'અઘોષ વ્યંજન' કયો છે ?

(A) ડ્
(B) ઝ્
(C) થ્
(D) બ્

(78) કૃતિ અને કર્તાની દૃષ્ટિએ સાચી જોડ કઈ છે ?

(A) ગઢની રઢ છોડો ! – ભાનુકુમાર ત્રિવેદી
(B) ચિત્ત તું શીદને ચિંતા ધરે – કરસનદાસ માણેક
(C) આ તો ઈશ તણો આવાસ – દયારામ
(D) ભૈ માણસ છે ! – 'ગની' દહીંવાળા

(79) ખોટી જોડણી હોય તેવો વિકલ્પ કયો છે ?

(A) અદ્ભુત
(B) નિંદ્રા
(C) નિમણૂક
(D) પ્રવીણ

(80) 'શાળાના દરવાજા સામે કોઈએ વાહન મૂકવું નહીં.' – આ વાક્ય, વાક્યનો કયો પ્રકાર છે ?

(A) આજ્ઞાર્થ વાક્ય
(B) વિધ્યર્થ વાક્ય
(C) નિર્દેશાર્થ વાક્ય
(D) વિધાન વાક્ય

(81) भिन्न शब्द पहचानिए।

(A) चचरीड़ा
(B) अरवी
(C) खिरनी
(D) लौकी

(82) शब्दकोश के अनुसार हिन्दी वर्णमाला का सही क्रम हो, ऐसा विकल्प चुनिए।

(A) क, ख, ग
(B) ज, झ, ट
(C) श, स, ष
(D) अं, अ, आ

(83) बच्चों की प्रार्थनाएँ बेकार नहीं जातीं। वाक्य में रेखांकित शब्द 'प्रार्थनाएँ' संज्ञा का कौन-सा प्रकार है ?

(A) भाववाचक संज्ञा
(B) समूहवाचक संज्ञा
(C) जातिवाचक संज्ञा
(D) व्यक्तिवाचक संज्ञा

(84) Sleep : Slept :: Buy : ......................

(A) Brought
(B) Built
(C) Bit
(D) Bought

(85) I do not have a mobile. I ........................ call my parents.

(A) must
(B) can
(C) should not
(D) cannot

(86) 'मातापितराविह' – संधि विच्छेदं कुरु।

(A) मातापितरौ + इह
(B) मातः + अपिता + इह
(C) मातापिता + इह
(D) मातरौ + पितरौ + इह

(87) अतिथिजनाः .................. आगताः।?

(A) कुतः
(B) कस्मिन्
(C) कः
(D) कापि

(88) નીચેનામાંથી કઈ જોડણી ખોટી છે ?

(A) ભૂશિર
(B) વિદ્યાર્થીની
(C) ક્ષિતિજ
(D) સામુદ્રધુની

(89) અડીકડી વાવને નવઘણ કૂવો જેણે ન જોયો એ જીવતો મૂવો આ પંક્તિ કયો અલંકાર દર્શાવે છે ?

(A) અંત્યાનુપ્રાસ
(B) વર્ણાનુપ્રાસ
(C) યમક
(D) ઉત્પ્રેક્ષા

(90) 'રવાનુકારી' શબ્દોની સંદર્ભે અયોગ્ય શબ્દ કયો છે ?

(A) ઢમઢમ
(B) ફટાક ફટાક
(C) ઠેર ઠેર
(D) ચીં ચીં

(91) 'ધનુષ્ટંકાર' શબ્દની સાચી સંધિ જણાવો ?

(A) ધનૌ + અષ્ટાંકર
(B) ધનુ + ષ્ય + ટંકાર
(C) ધનુસ + ટંકાર
(D) ધનુઃ + ટંકાર

(92) 'ऐंठन' शब्द का गुजराती अर्थ क्या होगा ?

(A) એઠું
(B) ચૂંક
(C) એડી
(D) જોંક

(93) हिन्दी भाषा में यह '∧' चिह्न को किस विराम चिह्न से पहचाना जाता है ?

(A) हंसपद
(B) योजक चिह्न
(C) विस्मयादिबोधक
(D) विवरण चिह्न

(94) निम्नलिखित समासों में से कौन-सा शब्द द्विगु समास का नहीं है ?

(A) चौमासा
(B) चवन्नी
(C) त्रिफला
(D) रुपया - पैसा

(95) शब्दार्थ की कौन-सी जोड़ सही नहीं है ?

(A) निगाड़ी - दुष्ट
(B) बिसात - विरासत
(C) लड़ी - माला
(D) जब्त - धीरज

(96) 28 अर्थात् ..................

(A) अष्टाविंशतिः
(B) अष्टविंशतिः
(C) द्वि-अशीतिः
(D) अष्ट सप्ततिः

(97) 'प्रकोष्ठम' શબ્દનો ગુજરાતી અર્થ જણાવો.

(A) પાકેલું
(B) અતિવૃષ્ટિ
(C) ઓરડો
(D) પાણીજન્ય

(98) ...................... Harsh ...................... his car yesterday ?

(A) Did, driven
(B) Did, drive
(C) Does, drive
(D) Did, drove

(99) The scientists ...................... research on global warming since 2000.

(A) have been doing
(B) has been doing
(C) have been done
(D) has been done

(100) My hobby is .......................... coins.

(A) collecting
(B) collected
(C) collects
(D) to collect

(101) 25 ના નાનામાં નાના અવયવીમાંથી 25 ના અવયવોની સંખ્યા બાદ કરતા કેટલા મળે ?

(A) 22
(B) 23
(C) 24
(D) 0

(102) સંખ્યા રેખા પર કોઈ પૂર્ણાંક '$x$' છે. નીચેનામાંથી કઈ ક્રિયા માટે સંખ્યા રેખા પર $x$ ની જમણી બાજુ ખસવું પડે ?

(A) જો $x$ ઋણ પૂર્ણાંક હોય અને તેમાં કોઈ ઋણ પૂર્ણાંક ઉમેરવાનો હોય.
(B) જો $x$ ઘન પૂર્ણાંક હોય અને તેમાં કોઈ ઋણ પૂર્ણાંક ઉમેરવાનો હોય
(C) જો $x$ ઋણ પૂર્ણાંક હોય અને તેમાંથી કોઈ ઘન પૂર્ણાંક બાદ કરવાનો હોય
(D) જો $x$ ઋણ પૂર્ણાંક હોય અને તેમાંથી ઋણ પૂર્ણાંક બાદ કરવાનો હોય.

(103) નીચેનામાંથી કયા ચતુષ્કોણમાં વિકર્ણ પરસ્પર કાટખૂણે દુભાગે છે ?


(A) સમાંતરબાજુ ચતુષ્કોણ

(B) સમબાજુ ચતુષ્કોણ

(C) લંબચોરસ

(D) પતંગાકાર ચતુષ્કોણ

(104) આકૃતિમાં $\overleftrightarrow{PQ} \parallel \overleftrightarrow{RS}$ છે અને $l$ એની છેદિકા છે તે સંદર્ભે નીચેનામાંથી શું સાચું નથી ?




(A) $\angle 1 + \angle 5 = 180^0$

(B) $\angle 2 + \angle 5 = 180^0$

(C) $\angle 3 + \angle 8 = 180^0$

(D) $\angle 2 + \angle 3 = 180^0$

(105) જો $4qx^2 - b = (7x + \frac{1}{2})(\frac{7}{x} - \frac{1}{2})$ હોય તો b ની કિંમત કેટલી થાય ?

(A) 0

(B) $\frac{1}{\sqrt{2}}$

(C) $\frac{1}{4}$

(D) $\frac{1}{2}$

(106) નીચેનામાંથી સૌથી મોટી કિંમત કઈ છે ?

(A) $\frac{32}{0.05}$

(B) $\frac{0.320}{50}$

(C) $\frac{3.2}{0.05}$

(D) $\frac{3.2}{50}$

(107) કોઈ એક સંખ્યાના ત્રીજા ભાગમાંથી 1 બાદ કરતા 1 મળે છે તો તે સંખ્યા કઈ ?

(A) 6

(B) 3

(C) 12

(D) 9

(108) એક ત્રિકોણની બે બાજુઓના માપ 18 સે.મી. અને 14 સે.મી. હોય તો તેની ત્રીજી બાજુનું માપ નીચેના પૈકી કેટલું હશે ?

(A) 4 સે.મી.

(B) 3 સે.મી.

(C) 5 સે.મી.

(D) 32 સે.મી.

(109) ત્રણ વિદ્યાર્થીઓની હાલની ઉંમરનો સરવાળો $2x + 5$ વર્ષ છે તો ત્રણ વર્ષ પહેલા તેમની ઉંમરનો સરવાળો કેટલો હતો ?

(A) $2(x + 1)$

(B) $2(x + 7)$

(C) $2(x - 2)$

(D) $2(x - 1)$

(110) 65 ને રોમન અંકમાં દર્શાવવા માટે નીચેમાંથી કયું સાચું ગણાય ?

(A) LXV

(B) LXIV

(C) LVIX

(D) LXIX

(111) નીચેમાંથી કયો વિકલ્પ અવિભાજ્ય અવયવ દર્શાવે છે ?


(A) $30 = 2 \times 3 \times 5$


(B) $24 = 2 \times 3 \times 5$

(C) $70 = 2 \times 5 \times 7 \times 1$


(D) $100 = 2 \times 5 \times 10$

(112) નીચે આપેલ આકૃતિમાં કઈ આકૃતિને વિકર્ણો છે ?

(A) 

(B) 

(C) 

(D) 

(113) એક લંબચોરસ ટેબલની લંબાઈ 6 ફૂટ અને પહોળાઈ 4 ફૂટ છે. તેની ધાર પર પટ્ટી લગાવવાનો ખર્ચ એક ફૂટના રૂા. 6 થાય તો કુલ કેટલો ખર્ચ થાય ?

(A) 144 રૂા.

(B) 120 રૂા.

(C) 288 રૂા.

(D) 576 રૂા.

(114) નીચેમાંથી કઈ પદાવલિ ત્રિપદી નથી ?

(A) $x + y + 7$

(B) $ab + 9 + b$

(C) $3x^2 + 5x + 2$

(D) $x + y + 5x$

(115) પ્રાકૃતિક સંખ્યાઓ માટે નીચે પૈકીનો કયો વિકલ્પ સાચો છે ?

(A) – 1, 0, 1, .....

(B) 5, 6, 7, 8, .....

(C) ..... , – 2, – 1. 0, 1, 2

(D) 0, 1, 2, 3

(116) 10 – 20, 20 – 30, 30 – 40 ............... ને શું કહેવાય ?

(A) વર્ગ લંબાઈ

(B) વર્ગ અંતરાલ

(C) કદ

(D) અધઃ સીમા

(117)  આપેલ આકૃતિને ધ્યાને લઈ નીચે પૈકી કયુ વિધાન ખોટું છે તે જણાવો ?

(A) બિંદુ A, બિંદુ B, બિંદુ C, બિંદુ O અને બિંદુ P $\overleftrightarrow{CO}$ પર આવેલા બિંદુ છે.

(B) બિંદુ O એ $\overrightarrow{OP}$ નું ઉદ્‌ગમ બિંદુ છે.

(C) $\overrightarrow{CP}$ અને $\overrightarrow{OP}$ એ સમાન કિરણ છે.

(D) $\overrightarrow{CA}$ અને $\overrightarrow{CP}$ એ એકબીજાના વિરૂદ્ધ કિરણો છે.

(118) નીચે આપેલ સંખ્યાનો બહુલક કયો છે ?

2, 8, 6, 4, 8, 2, 3, 4, 2, 1, 2, 8

(A) 8 (B) 6 (C) 2 (D) 4

(119) એક પાઈ ચાર્ટમાં કુલ વસ્તુના 40% ભાગ દર્શાવવા કેટલા અંશનો ખૂણો દોરવો પડશે ?

(A) $40^0$ (B) $140^0$

(C) $144^0$ (D) $180^0$

(120) એક વ્યક્તિ 28,000 રૂપિયામાં TV ખરીદે છે. જેમાં 12% GST સામેલ છે. તો GST લાગ્યા પહેલાની TV ની કિંમત કેટલી હશે ?

(A) 24,000 (B) 26,000

(C) 26,500 (D) 25,000

(121) ખાદ્ય પદાર્થમાં પ્રોટીન છેકે નહીં તેની ચકાસણી કરવા નીચે પૈકી પદાર્થનું કયું જૂથ ઉપયોગી બનશે ?

(A) આયોડિન, પાણી (B) સોડિયમ હાઈડ્રોક્સાઈડ, કોપર સલ્ફેટ

(C) કોપરસલ્ફેટ અને આયોડિન (D) સોડિયમ હાઈડ્રોક્સાઈડ અને ફિનોલ્ફથેલીન

(122) નીચે પૈકી કયુ સાધન પ્રકાશના પરાવર્તનના સિદ્ધાંત પર કાર્ય કરતુ નથી ?

(A) પીનહોલ કેમેરો (B) કેલિડોસ્કોપ

(C) પેરીસ્કોપ (D) સોલાર કુકર

(123) તપેલીમાં રહેલા પાણીને સ્ટવની મદદથી ગરમ કરતા પાણીના ગરમ થવાની પ્રક્રિયા કયા સિદ્ધાંતને આભારી છે ?

(A) ઉષ્મા વિકિરણ (B) ઉષ્મા વહન

(C) ઉસ્મા નયન (D) ઉષ્મા અવાહક

(124) એક અંતર્ગોળ અરીસાની કેન્દ્ર લંબાઈ 20 સેન્ટી મીટર છે. જો અંતર્ગોળ અરીસા સામે 50 સેન્ટીમીટર દૂર વસ્તુ મુકવામાં આવે તો તેનું અંતર્ગોળ અરીસા દ્વારા રચાતુ પ્રતિબિંબ કેવુ હોય ?

(A) ચત્તુ અને મોટુ (B) ઉલટુ અને નાનુ

(C) ઉલટુ અને મોટુ (D) ચત્તુ અને નાનુ


(125) દબાણ સંદર્ભે કયું વિધાન ખોટું છે ?

(A) પાણીમાં સરખી ઊંડાઈ એ સરખુ દબાણ અનુભવાય

(B) જેમ પાણીમાં ઊંડાઈ વધતી જાય તેમ દબાણ વધે

(C) વાતાવરણ પણ દબાણ લગાડે છે.

(D) જેમ પાણીની ઊંડાઈ વધુ તેમ દબાણ ઓછું

(126) 


આપેલ આલેખના આધારે પદાર્થની ગતિ વિશે શું અનુમાન કરી શકાય ?

(A) પદાર્થ સ્થિર છે. (B) પદાર્થ અચળ વેગથી ગતિ કરે છે.

(C) પદાર્થ પ્રવેગિ ગતિ કરે છે. (D) પદાર્થ પ્રતિપ્રવેગિ ગતિ કરે છે.

(127) નીચે પૈકી કયું વિધાન સાચું છે ?

(A) કાચના સળિયાને રેશમ સાથે ઘસતા કાચના સળિયા પર ઘન વિજભાર ઉત્પન્ન થાય છે.

(B) કાચના સળિયાને રેશમ સાથે ઘસતા રેશમ પર ઘન વિજભાર ઉત્પન્ન થાય છે.

(C) કાચના સળિયાને રેશમ સાથે ઘસતા કાચનો સળિયો ઇલેક્ટ્રોન મેળવે છે.

(D) કાચના સળિયાને રેશમ સાથે ઘસતા રેશમ ઇલેક્ટ્રોન ગુમાવે છે.

(128) આંખો તથા ત્વચાને તંદુરસ્ત રાખવા કયા વિટામીનની જરૂર પડે ?

(A) વિટામીન - A (B) વિટામીન - B

(C) વિટામીન - C (D) વિટામીન - D

(129) પુષ્પમાં અંડક ક્યાં આવેલું હોય છે ?

(A) પૂંકેસર (B) વજ્રપત્ર (C) બીજાશય (D) પરાગાશય

(130) નીચેનામાંથી કયા બળતણનું કેલરી મૂલ્ય 55,000 કિલોજૂલ પ્રતિ કિ.ગ્રા. (KJ / kg) છે ?

(A) પેટ્રોલ (B) મિથેન (C) LPG (D) બાયોગૅસ

(131) એકમ ક્ષેત્રફળ દીઠ લાગતા બળને શું કહે છે ?

(A) દબાણ (B) ઘર્ષણ બળ

(C) ગુરુત્વાકર્ષી બળ (D) ચુંબકીય બળ

(132) પદાર્થોને જૂથોમાં વર્ગીકૃત કરવાનું મુખ્ય વૈજ્ઞાનિક કારણ શું છે ?

(A) જૂથોમાં વર્ગીકૃત કરવાથી પદાર્થો વ્યવસ્થિત અને આકર્ષક દેખાય છે.

(B) પદાર્થોની પસંદગી કરવામાં સરળતા રહે તે માટે

(C) પદાર્થોના ગુણધર્મો અને તેના ઉપયોગને સરળતાથી સમજી શકાય છે.

(D) પદાર્થોને એકબીજા સાથે સરખાવવા માટે

(133) તમારું ઉપલું ઝડબું કયા પ્રકારના સાંધાનું ઉદાહરણ છે ?

(A) મિજાગરા સાંધા (B) ખલ-દસ્તા સાંધો (C) અચલ સાંધા (D) ઊખળી સાંધો

(134) સજીવો દ્વારા ખોરાક ગ્રહણ કરવાની અને શરીર દ્વારા તેને ઉપયોગમાં લેવાની ક્રિયાને શું કહેવાય ?

(A) શ્વસન (B) ઉત્સર્જન (C) પોષણ (D) પ્રજનન

(135) કેલ્શિયમ હાઈડ્રોક્સાઈડનો સમાવેશ નીચેમાંથી શેમાં થાય છે ?

(A) એસિડ (B) બેઇઝ (C) ક્ષાર (D) સૂચક

(136) ગ્રીક મુસાફર મેગેસ્થનિસે લખેલા ‘ઇન્ડિકા’ નામના ગ્રંથમાં કયા યુગનું વર્ણન કરવામાં આવેલ છે ?

(A) પાષાણયુગ (B) વિજ્ઞાનયુગ (C) મૌર્યયુગ (D) મધ્યયુગ

(137) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) પૃથ્વી કરતા સૂર્યનું વજન 13 લાખ ગણુ વધારે છે.

(B) સૂર્યનું મુખ્ય આવરણ ઓઝોન વાયુનું બનેલું હોય છે.

(C) ગુરૂત્વાકર્ષણબળને લીધે ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે.

(D) પૃથ્વી કરતા સૂર્યનું ગુરૂત્વાકર્ષણબળ 28 ગણુ વધારે છે.

(A) વિકલ્પ (A) અને (D) બંને સાચા છે. (B) વિકલ્પ (B) અને (D) બંને સાચા છે.

(C) માત્ર (C) સાચું છે. (D) વિકલ્પ (C) અને (D) બંને સાચા છે.

(138) પંચાયતી રાજને મજબૂતી કોણ આપી શકે ?

(A) જિલ્લા પંચાયત (B) રાજ્ય સરકાર

(C) ગ્રામ પંચાયત (D) તાલુકા પંચાયત

(139) આપણને મળતો ઈન્ટરનેટનો લાભ કયા આવરણને આભારી છે ?

(A) મધ્યાવરણ (B) સમતાપ આવરણ

(C) ઉષ્માવરણ (D) ક્ષોભાવરણ

(140) ભારતને ઉદ્યોગો માટે કાચું લોખંડ ક્યાંથી પ્રાપ્ત થાય છે ?

(A) રઝારાની પહાડીમાંથી (B) અરવલ્લીની પહાડીમાંથી

(C) સાપુતારાની પહાડીમાંથી (D) વિંધ્યની પહાડીમાંથી

(141) ન્યાયતંત્રમાં 'મહાભિયોગ' પ્રક્રિયા ક્યારે કરવામાં આવે છે ?

(A) ન્યાયાધીશની નિમણૂક કરવા માટે (B) ન્યાયાધીશની બદલી કરવા માટે

(C) ન્યાયાધીશને વધારીની કામગીરી સોંપવા માટે (D) ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવા માટે

(142) હડપ્પીય સભ્યતાનાં સ્થળો અને તેની મુખ્ય વિશેષતાઓ સંદર્ભે કઈ જોડ યોગ્ય નથી ?

(A) લોથલ – ઔદ્યોગિક નગર

(B) કાલીબંગન – કૃષિક્રાંતિનું મુખ્ય મથક

(C) ધોળાવીરા – વરસાદી પાણીની સંગ્રહ વ્યવસ્થા

(D) મોહેં – જો – દડો – અન્ન ભંડારો

(143) મને ઓળખો.

– મેં સૌ પ્રથમ ગુજરાતી ભાષા માટે 'ગુર્જર ભાષા'ની સંજ્ઞા આપી હતી.

– ધ્રુવાખ્યાન મારી જાણીતી કૃતિ છે.

(A) પ્રેમચંદ (B) અખો

(C) નરસિંહ મહેતા (D) ભાલણ

(144) નીચે જણાવેલ સુધારકો અને તેમણે સ્થાપેલ સંસ્થાઓ પૈકી કઈ જોડ યોગ્ય નથી ?

(A) રાજા રામમોહનરાય – બ્રહ્મો સમાજની સ્થાપના

(B) મહર્ષિ કર્વે – કાંગડી ગુરૂકૂળની શરૂઆત

(C) દુર્ગારામ મહેતા – માનવ ધર્મ સભાની સ્થાપના

(D) સ્વામી વિવેકાનંદ – રામકૃષ્ણ મિશનની સ્થાપના

(145) નીચે પૈકી કયુ અધાતુમય ખનિજનું ઉદાહરણ છે જેને વિભિન્ન આકારમાં ઢાળી શકાય છે ?

(A) ચાંદી (B) જસત

(C) જિપ્સમ (D) તાંબુ

(146) નીચે પૈકી કયા વિષયનો સમાવેશ બંધારણની સંયુક્ત યાદીમાં કરવામાં આવેલ છે ?

(A) તાર - ટપાલ (B) ચૂંટણીઓ

(C) રોજગારી (D) આંતરિક વ્યાપાર

(147) નીચે પૈકી કયું વિધાન ધાત્વિક ખનિજોને લાગુ પડે છે ?

(A) તેમને કાપીને, ઉખાડીને કે તોડીને વિભિન્ન આકારોમાં ઢાળી શકાય છે.

(B) અબરખ અને જિપ્સમ આ પ્રકારના ખનિજોના ઉદાહરણ છે.

(C) ગેડ પર્વતના નિક્ષેપકૃત ખડક સમૂહોના ક્ષેત્રોમાંથી મળી આવે છે.

(D) તે આગ્નેય અને રૂપાંતરિત ખડક સમૂહોના સ્તરોમાંથી મળી આવે છે.

(148) માર્ગ સલામતી માટે નીચે પૈકી કયું કાર્ય યોગ્ય નથી ?

(A) ફૂટપાથ વગરના રસ્તા ઉપર જમણી બાજુએ ચાલવું.

(B) રસ્તો ક્રોસ કરવા માટે સબ-વેનો ઉપયોગ કરવો.

(C) વાહનને રસ્તાની ડાબી બાજુએ ચલાવવું.

(D) ઉતાવળથી દોડીને રસ્તો ઓળંગવો.

(149) કયા ગ્રહને બે ઉપગ્રહ છે ?

(A) બુધ (B) શુક્ર

(C) મંગળ (D) શનિ

(150) મહાનગર પાલિકામાં 1 વૉર્ડની રચના કોના આધારે કરવમાં આવે છે ?

(A) ક્ષેત્રફળ (B) વસતી

(C) ભાષા (D) મહિલા સભ્યો

◆◆◆

## રફ કામ માટેનું પેઈજ

## રફ કામ માટેનું પેઈજ

A 100521

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.